## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મીન**

**આજના ગ્રહોની કુંડળી**




**મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. શનિ અને ગુરુ વક્રગતિથી ચાલતા ગ્રહો છે. અમાસની યુતિના ગ્રહો સૂર્ય - ચંદ્ર સાથે સાથે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમમાં બુધની ઉપસ્થિતિને સારી છે જેનાથી આઠમે શનિ - મંગળની યુતિમની અશુભ અસરો ઓછી થાય છે - બારમે શુક્ર પણ ઉચ્ચનો અને ઉત્તમ છે. દિવસ સારો આનંદમાં જશે.

**વૃષભ** અગિયારમા સ્થાપનમાં ચંદ્ર - શુક્ર - સૂર્યની યુતિથી આપનું લાભભુવન અતિ ઉત્તમ થયેલ છે. ચોથે ચાંડાલ યોગની ખરાબ અસરો બાદ કરતા આજે આપનો દિવસ આનંદમાં જશે.

**મિથુન** દસમે સૂર્ય ચંદ્ર - શુક્રની યુતિ સારી છે. છઠ્ઠે શનિ મંગળની યુતિ સારી છે. દિવસ આનંદમાં જશે. ત્રીજે ચાંડાલ યોગ છે. કોઈ મોટું ખોટું પરાક્રમ કરશો નહીં તેવો સંકેત આપે છે.

**કર્ક** બીજે ચાંડાલ યોગ તથા પાંચમા ભુવનમાં શનિ મંગળની યુતિ તમારા સંતાનો લાવવામાં તમારે માટે પ્રશ્નો ઉભા કરે જે ઉકેલવામાં તમારો પૂરો સમય વ્યતિત થઈ જાય.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગને કારણે તમો તમારી વાણીમાં ખરાબ શબ્દોનો ઉપયોગ વધુ કરતાં થઈ જાઓ જેથી તમારા મિત્રો કરતાં શત્રુઓ વધતા જાય - સાવધ રહેજો.

**કન્યા** સાતમે સારી યુતિના કારણે મતારા વૈવાહિક અને કૌટુંબિક જીવનમાં આનંદનો સુમેળ સધાયેલ રહેશે. આર્થિક પ્રશ્નો ઉકેલાઈ જશે - દિવસ સારો જશે.

**તુલા** સાતમે બુધ તમારા વૈવાહિક જીવન માટે સારો છે પરંતુ અગિયારમા સ્થાનમાં રાહુનો થોડો ઘણો ખરાબ પ્રવાહ ગુરુને દૂષિત કરે છે - મિશ્રફળવાળો દિવસ જાય.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ સ્વગૃહી હોઈ આપની તંદુરસ્તીને ઘણી સારી રાખશે. દિવસ આનંદમાં જશે. વાયુથી દુષિત થયેલ રોગ થવા સંભવ છે.

**ધન** બારમે શનિ મંગળની યુતિ તમારા માટે ખર્ચાળ છે - ખોટા ખર્ચા - મેડીકલ ખર્ચાઓ કરાવે તેમ છે માટે સાચવવું - ન જોઈતી વસ્તુ ખરીદી જાય તેવો યોગ છે.

**મકર** આઠમે ચાંડાલ યોગને કારણે શારીરિક કરતાં માનસિક વિચારોને કારણે તમો ખોટા ખોટા વહેમોમાં સપડાઈને મેડીકલ ખર્ચાઓ કરશો. જેમાં પરિણામ કંઈ નહિ આવે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ ચાલે છે જેના અનુસંધાને તમારી માનસિક સ્થિતિ સારી નહીં રહે - વારંવાર ખોટા ખોટા ડરપોક વિચારો આવે જેના અનુસંધાને ખોટા ખર્ચાઓ થાય.

**મીન** રાશિમાં શુક્ર ચંદ્ર સૂર્યની અમાસની યુતિ રાશિના જાતકો માટે ઉત્તમ છે. શુક્ર ચંદ્ર સૂર્ય એટલે કે મન - આત્મા - શુક્રની યુતિથી તમારા ઘણા જ પ્રશ્નો ઉકલી જશે.

# રાજ્યમાં વધુ ૬૨૩ ગામો અછતગ્રસ્ત જાહેર કરાયા

## કચ્છમાં ૩૦૧ ગામો અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા

અમદાવાદ, તા. ૪

ગુજરાતમાં પણ જળ સંકટ દિનપ્રતિદિન વધી રહ્યું છે. પાણીની તંગિ ઉભી થઈ ગઈ છે ત્યારે ગુજરાતમાં વધુ ૬૨૩ ગામોને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. આને લઈને યોજાયેલી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો હોવાના અહેવાલ મળ્યા છે. જામનગરમાં ૧૯૦, દ્વારકામાં ૬૮, કચ્છમાં ૩૦૧નો સમાવેશ થાય છે. આ તમામ અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. ઉનાળાની શરૂઆત થાય તે પહેલા જ વિવિધ વિસ્તારોમાં હાલત કફોડી બનેલી છે. સરકાર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે પરંતુ પાણીની કટોકીટ વધી રહી છે. બોટાદના ઉમરાળા ગામમાં દર ૧૫ દિવસમાં પાણી મળે છે. પાણીની ચોરીના કેસો પણ સપાટી ઉપર આવી ચુક્યા છે. પાણીની વધતી કટોકટી સર્જી શકે છે. મૂળભૂતરીતે કેબિનેટની બેઠક બુધવારે મળનાર હતી પરંતુ ભાજપ સ્થાપના દિવસને લઈને કાર્યક્રમો હોવાથી આ બેઠક આજે યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મંદિર શહેર પાવાગઢમાં બે દશકમાં સૌથી ગંભીર પાણીની કટોકટી પ્રવર્તી રહી છે જેના કારણે ઘણી મુશ્કેલી સર્જાઈ ગઈ છે. આ મંદિર શહેર મુખ્યરીતે નર્મદાના પાણી ઉપર આધારિત છે. પાવાગઢમાં પાણીની કટોકટીને દૂર કરવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં લોકોની તકલીફ વધી રહી છે. પાવાગઢ મંદિર શહેરમાં લાખો શ્રદ્ધાળુઓ પહોંચે છે. ખાસ કરીને ચૈત્રી નવરાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચતા હોય છે. નવરાત્રીની શરૂઆત ૮મી એપ્રિલથી થઈ રહી છે. ચૈત્રી નવરાત્રીની પૂર્ણાહૂતિ ૧૬મી એપ્રિલના દિવસે થનાર છે. આવા સમયમાં પીવાના પાણીની કટોકટી તંત્રની તકલીફ વધારી શકે છે. પરિસ્થિતિ એ છે કે, તંત્ર દ્વારા કોઈ ફરિયાદ ન મળે તે માટે પગલા લેવાઈ રહ્યા છે.

અમદાવાદ શહેરના માણેકચોક વિસ્તારમાં જ્વેલર્સ દ્વારા કેન્ડલલાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાજપને લોકસંવાદનો કોઈ પણ અધિકાર નથી : કોંગ્રેસ

## વિકાસના બદલે ફરી એકવાર હિન્દુત્વના નામે વોટ બેંક જાળવવા ભાજપના પ્રયાસો શરૂ થયા છે : કોંગી પ્રવક્તા

અમદાવાદ, તા.૫

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભાજપ સામે સર્જાઈ રહેલા અસહિષ્ણુતાના માહોલથી બચવા વંદે માતરમ અને ભારત માતા કી જય જેવા મુદ્દાઓ ઉછાળીને વિકાસના બદલે હિન્દુત્વના નામે ફરી એકવાર વોટબેંક જાળવી રાખવાનો ભાજપ દ્વારા નિર્લજ્જ પ્રયાસ શરૂ કરવામાં આવ્યો હોવાનું ગુજરાત પ્રદેશ પ્રવક્તા ડા.હિમાંશુ પટેલે જણાવ્યું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડા.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપના નવા પ્રદેશ પ્રમુખની અધ્યક્ષતામાં મળેલી પ્રથમ બેઠકમાં જ ભાજપના અસલી ચહેરાનું પોત પ્રકાશમાં આવ્યું છે. ભાજપ દ્વારા વિકાસ તેમજ અચ્છે દિનના નામે અત્યાર સુધી કરવામાં આવી રહેલા ભ્રામક પ્રચારનો ફુગ્ગો ફુટી ગયો છે. ત્યારે ભાજપે ફરી એકવાર વંદે માતરમ અને ભારત માતા કી જય જેવા મુદ્દે વિવાદ ઉભા કરી ગુજરાત સહિત દેશભરમાં અસહિષ્ણુતાના માહોલ સર્જવાનો પ્રયાસ ગતિશીલ બનાવ્યો છે.

ગુજરાત રાજયમાં પંચાયત અને પાલિકાની ચૂંટણીઓમાં ભાજપને મળેલા કારમાં પરાજયની કળ નહીં વળતા હવે તોડફોડનું રાજકારણ અપનાવવામાં આવ્યું છે. છેલ્લા એક દસકાથી ભાજપ દ્વારા ગુજરાતમાં અને હવે દેશભરમાં વિવિધ સમાજ અને વર્ગો વચ્ચે વિગ્રહ કરાવી ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અખત્યાર કરવામાં આવી છે. પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં એકાદ રાજયને બાદ કરતાં ક્યાંય ખાતુ પણ ખોલાવી શકે તેવી સ્થિતિમાં નહીં રહેલા ભાજપને ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણી વખતે ઘરભેગા થવાનો ડર અત્યારથી સતાવી રહ્યો છે. ગુજરાત રાજયમાં ભાજપ સરકારને લોકસંવાદની વાત કરવાનો સહેજ પણ અધિકાર નહીં હોવાનું જણાવતા ડૉ.હિમાંશુ પટેલે ઉમેર્યું છે કે, ગોધરાકાંડથી ળઈ અનામત આંદોલન સુધી ભાજપે લોકોમાં વિવાદો ઉભા કરી ભાગલા પાડવા સાથે નાગરિકોના અધિકારો જ છિનવવાનું કામ કર્યું છે. ગુજરાત રાજયમાં ભાજપ દ્વારા પંચાયતની ચૂંટણીના ધોબીપછાડ ખાધા પછી લોકોની નજીક જવાના હેતુથી લોકસંવાદના કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ અનામત આંદોલનમાં રાષ્ટ્રદ્રોહ સહિતના ગુના તેમજ નિર્દોષો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારનાર ભાજપ લોકમાનસમાંથી દુર થઈ ગઈ છે. પ્રજાના પ્રતિનિધિ કહેવાતા ભાજપના ધારાસભ્યો તેમના વિસ્તારની સમસ્યાઓના ઉકેલ માટે મુખ્યમંત્રી કે સરકાર સાથે કોઈ સંવાદ કરી શકતા નથી. એ જ રીતે ભાજપ સરકાર અને સંગઠનમાં એકરૂપના અભાવે કોઈ સંવાદના બદલે માત્ર વાદ વિવાદ જ છે ત્યારે આ ભાજપ સરકાર લોકની વચ્ચે જઈ વિધાનસભા ચૂંટણી જીતવાના મનસુબા સાથે સંવાદ કરવા આવી છે. પરંતુ આજદિન સુધી ભાજપ સરકારના આપખુદશાહી અને સરમુખત્યાર વલણના કારણે ભાજપ રાજયની પ્રજા સાથે કોઈ સંવાદ કરી શકી જ નથી. પરંતુ ધાકધમકી અને લોકલાલચો આપી ઉત્સવો અને સભાઓમાં માત્ર જનમેદની ભેગી કરવા માટે જ લોકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ત્યારે ફરી એકવાર લોકસંવાદના માધ્યમથી રાજયની શાણી પ્રજાને લોલીપોપ આપવાનો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે. તેમાં રાજયની જનતા તો ઠીક તેમના કાર્યકરો પણ આ વખતે છેતરાશે નહીં.

# જલારામધામ ખાતે ૮મી એપ્રિલે દરિયાલાલ જયંતિની ભવ્ય ઉજવણી

## રામનવમી, હનુમાન જયંતિ નિમિત્તે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમ અને રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૫

જલારામ સેવા સમાજ દ્વારા આગામી તા. ૮ એપ્રિલને શુક્રવારના રોજ દરિયાલાલ જયંતિ નિમિત્તે દાદાની નિશ્રામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૯, શ્રી જલારામ ધામ ખાતે સવારે ૮.૩૦ કલાકે દરિયાલાલ દાદાની પૂજન વિધિ મૂર્તિદાદા કાનજીભાઈ મજીઠિયાના હસ્તે કરવામાં આવશે. સવારે ૧૦.૧૫ થી ૧૧.૫૦ કલાક દરમિયાન હવન વિધિ તેમજ બપોરે ૧૨.૧૫ કલાકે શ્રીફળ હોમવાની વિધિ કરાશે.

આ ઉપરાંત રામનવમી નિમિત્તે આગામી તા. ૧૫મી એપ્રિલના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી રામચંદ્રજીની પૂજનવિધિ અને જલારામબાપાની પૂજનવિધિ કરવામાં આવશે. સવારે ૧૦.૩૫ કલાકે રઘુવંશી ધ્વજવંદન સવારે ૧૦.૪૫ કલાકે સંકીર્તન, બપોરે ૧૨.૦૦ કલાકે રામજન્મોત્સવ તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આઈ.એમ.એ. સંચાલિત બ્લડ બેંક માણસાના સહયોગથી રક્તદાન શિબિર સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન યોજાશે તથા હનુમાન જયંતિ અંતર્ગત આગામી તા. ૨૨મી એપ્રિલને શુક્રવારના રોજ રાત્રે ૭.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, મંત્રી સેવંતીલાલ ઠક્કર, સહમંત્રી શૈલેષભાઈ મજીઠીયા, કોષાધ્યક્ષ રમેશભાઈ પુજારા, સહકોષાધ્યક્ષ રમેશભાઈ ગટ્ટા અને કારોબારી સભ્ય હાજર રહેશે.

પ્રાંતિજ ચિલોડા નેશનલ હાઈવે પર એક જ દિવસમાં જુદા જુદા માર્ગ અકસ્માતમાં ત્રણ બનાવો બન્યા હતા આ અકસ્માતમાં તાજપુર પાસે ટ્રકે ટેન્કરને ટકકર મારતા ટેન્કર પલ્ટી મારી ગયું હતું. જયારે એક ટ્રક ડીવાઈડર પર ચઢી ગઈ અને બીજી ટ્રક ડીવાઈડર સાથે અથડાતા પલ્ટી મારી ગઈ હતી. જો કે આ ઘટનામાં વાહનોને મોટું નુકશાન થયું હતું. કોઈ જાનહાની બનવા પામી નથી.

### ગૌરવ કૂચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકત્રિત થશે. સમગ્ર રૂટ પર ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ દ્વારા કુચનું સ્વાગત કરવામાં આવશે.

કૂચમાં રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી, ગાંધીનગરના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારા, ગાંધીનગરના અધ્યક્ષ મહેન્દ્રભાઈ દાસ, જિલ્લા અધ્યક્ષ નૈલેશભાઈ શાહ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મેયર શ્રીમતી હંસોબન મોદી, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તથા અન્ય આગેવાનો જોડાશે.

શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યુ હતુ કે ભાજપની મહિલા કાર્યકર્તાઓ કેસરી સાડીમાં સજજ હશે. સવારે કાર્યકર્તાઓના નિવાસસ્થાન પર પક્ષના ધ્વજારોહણ પણ કરવામાં આવનાર છે.

### રેપોરેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડિયાએ પહેલી ડિસેમ્બરના દિવસે તેની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. તે પહેલા સપ્ટેમ્બરમાં ચોથી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. અગાઉ સપ્ટેમ્બરમાં રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને અપેક્ષા કરતા પણ વધારે ૫૦ બેઝિક પોઈન્ટનો ચાવીરૂપ રેપો રેટમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. આની સાથે જ રેપો રેટ ઘટીને ૬.૭૫ ટકા થઈ ગયો હતો.રેપોરેટ સાડા ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યો છે. રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકા, એમએસએફ ૭.૭૫ ટકા, બેંકરેટ ૭.૭૫ ટકા થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રાજન છેલ્લા કેટલાક દિવસથી નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી તરફથી દબાણ હેઠળ હતા. કારણકે નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી દ્વારા ઈકોનોમી રિકવરીની ગતિને ઝડપી કરવા વ્યાજદરમાં કાપની માંગ કરી રહ્યા હતા.શેરબજારમાં અને ઓટો મોબાઈલ કંપનીઓમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસી સમીક્ષાને લઈને ચર્ચા હતી.કારણ કે તેના આધાર પર જ બજારની દિશા નક્કી કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૫માં આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૧.૨૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પરંતુ બેંકો દ્વારા રેટમાં માત્ર ૦.૭૦ ટકાનો જ ઘટાડો કરવામાં આવ્યો હતો.ગઈકાલે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીએ પણ વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તેવી તરફેણ કરી હતી.

### વિચારોના મધુવનમાં... ● ૪ પાનાનું ચાલુ...

ફરજીયાતપણે માટીમાં જ રમાતી. માટીની મહેંકથી રોગો દૂરા થાય નઈ કે એલર્જી થઈ જાય. આ રમતો ઉપરાંત ઘરમાં પણ મનોરંજન માટે મોબાઈલ કે લેપટોપ કઈ આટલા હાથવગા નહતા. તેથી ચેનલ ઉપર જે ફિલ્મ બતાવવમાં આવે તે જ જોવી પડતી.

માટી સાથે મમતાના બંધાયા તે બાળક માતૃભૂમિ સાથે પ્રેમા કેવી રીતે કરી શકે? ગામમાં કોઈના મકાનનું કામ ચાલુ હોય ત્યારે બાળકોને જલસા થઈ જતા. કોઈનું ઘર બનતું હોય એટલે રેતી આવે, અને એ આવે એટલે અમારો બગીચો આયો હોય એવું લાગે! સાંજે ઠંડક થાય એટલે રેતીના ઢગલા મા ખાડો કરી, ખુરશી બનાવી તેમાં જ બેસતા, રમતા, વળી તે જ રેતીમાં હાથ ખુપી રમત રમતા, ઘર બનાવતા.

### સ્ટેન્ડ અપ ઈન્ડિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય મંત્રી અરુણ જેટલી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ એપ મારફતે ઈ-રીક્ષા બુક કરાવી હતી. સ્ટેન્ડઅપ સ્કીમ હેઠળ બેંકો એસસી અને એસટી તથા મહિલા ઉદ્યોગ સાહસિકોને એક કરોડ રૂપિયા સુધીની લોન આપશે. સ્ટેન્ડઅપ ઈન્ડિયા સ્કીમનો હેતુ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ મહિલાોને એક કરોડ સુધીની લોન આપવાનો રહેલો છે. ૧૦ લાખથી લઈને એક કરોડ સુધીની લોન નવા ઉદ્યોગ સાહસિકો માટે આપવામાં આવશે જેથી મહિલા ઉદ્યોગ સાહસિકોને તેમના કારોબાર શરૂ કરવાની તક મળશે. આ ઉપરાંત અન્યોને પણ રોજગારી આપવા માટેની સ્થિતિમાં આવશે. એસસી અને એસટી અને મહિલા ઉદ્યોગ સાહસિકો જે લોન લેશે તેમને વિડ્રોઅલ માટે રૂપે ડેબિટ કાર્ડ આપવામાં આવશે. વધુમાં લોન પહેલાની ટ્રેનિંગ, લોન સુવિધા, માર્કેટિંગ અંગે વિગત આપવામાં આવશે. સરકાર ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે વેબપોર્ટલની રચના કરવામાં આવી છે.

સાથે સાથે સર્વિસને ટેકો આપશે. લોન લેનારાઓના ઈતિહાસ ઉપર પણ નજર રાખવામાં આવશે. સાથે સાથે તેમનો ઈતિહાસ પણ રાખવામાં આવશે. વડાપ્રધાન દ્વારા હાલમાં લોંચ કરવામાં આવેલી કેટલીક સ્કીમોને જોરદાર પ્રતિસાદ મળ્યો છે. જેમાં જન ધન સ્કીમનો સમાવેશ થાય છે. આ સ્કીમ હેઠળ મોટી સંખ્યામાં લોકોના બેંક ખાતા ખુલી ગયા છે. લોકોને આ સ્કીમમાં સામેલ થવા માટે મોટા પાયે ઝુંબેશ ચલાવાઈ હતી.

### ઝડપી ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ટ્રેન પોતાના નિર્ધારિત સમય મુજબ સાંજે ફરી ૫.૫૦ વાગે આ ટ્રેન આગરાથી ચાલશે. આ ટ્રેનમાં એર હોસ્ટેસની પણ સુવિધા છે. આ ટ્રેન ૧૮૮ કિલોમીટરના અંતરને માત્ર ૧૦૦ મિનિટના ગાળામાં પૂર્ણ કરશે. આ ટ્રેનમાં ૧૨ એસી કોચ રહેશે. દરેક કોચમાં હોસ્ટેસ પણ છે. ફ્રી વાઈફાઈ ફેસિલિટી, ઓટોમેટિક દરવાજા અને અન્ય તમામ સુવિધાઓ આ ટ્રેનમાં રાખવામાં આવી છે. શતાબ્દી એક્સપ્રેસ કરતા પણ ઓછો સમય લેનાર છે. શતાબ્દી હાલમાં ૧૧૭ મિનિટનો સમય લે છે. આ ઉપરાંત આ ટ્રેન દિલ્હી-ભોપાલ નવી દિલ્હી હબીબગંજ શતાબ્દી એક્સપ્રેસ કરતા પણ વધારે ઝડપી છે. આ ટ્રેનની ગતિ હાલમાં ૧૫૫ કિલોમીટર પ્રતિ કલાકની છે. જે ટ્રેન આગરા અને દિલ્હી વચ્ચે દોડે છે. શતાબ્દી એક્સપ્રેસમાં જે ભાડા રાખવામાં આવ્યા છે તેના કરતા આ ટ્રેનમાં ભાડા વધારે રહેશે. ટ્રેનમાં તમામ અતિ આધુનિક સુવિધા રાખવામાં આવી છે. જેમાં કેટેરિંગનો સમાવેશ થાય છે. આ ટ્રેનને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી. સાથે સાથે રેલવેના સંબંધિત અધિકારીઓ ટ્રાયલને લઈને સાવધાન થયેલા હતા. દેશની પ્રથમ સૌથી ઝડપી ટ્રેન શરૂ થયા બાદ અન્ય રૂટ પર પણ આવી ઝડપી ટ્રેન દોડાવવાની તૈયારી હવે હાથ ધરવામાં આવી છે. ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવી શકે છે.

### વાઈફાઈનું સ્વપ્ન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ને તે નંબર નાખતા જ ઈન્ટરનેટ વાઈફાઈ સાથે લોગઈન થઈ જશે.

આમ એક યુઝર્સ દિવસ દરમિયાન ૩૦ મિનિટ અથવા ૧૦૦ એમબી સુધી વપરાશ કરી શકશે. પછી આપોઆપ સેવા બંધ થઈ જશે. યુઝર્સ ૧ દિવસમાં ગમે ત્યારે ૩૦ મિનિટનો વપરાશ કરી શકશે. હાલ આ સંપૂર્ણ સેવા મફત છે. સેવાની શરૂઆત થઈ છે પરંતુ એક સાથેના આટલા મોટા નેટવર્કને જોડવા હજુ પણ અસંખ્ય સ્થળોએ કોઈજ કનેક્ટીવીટી ન હોવાની નાગરિકોની ફરિયાદ પણ ઉઠવા પામી છે. તો ક્યાંક નાગરિકો રોષે પણ ભરાયા છે. અને સરકારની વાઈફાઈની જાહેરાત પોકળ સાબિત થઈ રહી છે તેવું પણ રટણ કરી રહ્યા છે. પરંતુ હાલ આ સેવા શરૂઆતની તબક્કે કનેક્ટીવીટી ઓછી હોવાને લીધે યુઝર્સ પરેશાન થઈ રહ્યા છે. જેને લઈ સરકાર અને કંપનીઓ સાથે મળી આ પ્રોજેક્ટ પર કામગીરી કરી રહી છે. અને ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થતા જ ગાંધીનગરાઓને મનભરીને વાઈફાઈ સેવાનો લાભ મળશે.

### મુહૂર્ત ન જડ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્તેજના જગાવી છે કે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસોમાં કોઈ અરાજકતા ઉભી ના થાય અને અનિચ્છનીય ઘટના ના બને તે માટે ટોકન આપવા સહિતની પગલાંઓ લેવાની વ્યૂહરચના તૈયાર કરી દીધી છે. આ ચૂંટણીમાં માન્ય પક્ષ સિવાય અન્ય કેટલા પક્ષો ઉમેદવારી નોંધાવે છે તેમજ અપક્ષો પણ જંગમાં ઝુકાવે છે કે કેમ તેને લઈ અફવાઓનું બજાર ગરમ બન્યુ છે. બન્ને મુખ્ય રાજકીય પક્ષોને બળવાનો ભય સતાવી રહ્યો છે અને એટલે જ છેલ્લે દિવસે જ ઉમેદવારોને મેન્ડેટ સાથે ઉમેદવારી પત્ર ભરવાના આદેશો આપવાનો નિર્ણય કરી લીધો હોવાનું જાણવા મળેલ છે.

### મંદીનું મોજુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓછા વ્યાજદરની દિશામાં આગળ વધશે. નાની બચત યોજનાઓના વ્યાજદરમાં સરકારે હાલમાં જ ઘટાડો કરીને ઘણા લોકોને નિરાશ કરી દીધા હતા પરંતુ અન્ય પરિબળોની અસર જોવા મળી રહી છે. આરબીઆઈએ આજે પોલિસી સમીક્ષામાં સીઆરઆર ચાર ટકાના દરે જાળવી રાખ્યો છે. રિવર્સ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરીને તમામને ચોંકાવી દીધા છે. શેરબજારમાં આજે પોલિસી સમીક્ષાની સીધી અસરની સાથે સાથે વૈશ્વિક પરિબળોની અસર રહી છે. નિફ્ટી બેંક અને બીએસઈ બેંક ઈન્ડેક્સમાં ૩-૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વ્યાજલક્ષી સેક્ટરના શેરમાં ઘટાડો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, પીએનબી, એક્સિસ બેંક, એચડીએફસી સહિતની બેંકના શેરમાં ૪.૫ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાતા મોટર્સ, ટીવીએસ, હિરો મોટો, મારુતિ સુઝુકી, એમ એન્ડ એમ, અશોક લેલેન્ડ, ભારત ફોર્જના શેરમાં ૦.૪-૫ ટકા વચ્ચે ઘટાડો રહ્યો હતો. કોલ ઈન્ડિયાના શેરમાં ૨.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મેટલના શેરમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. હિન્ડાલ્કો, તાતા સ્ટીલના શેરમાં ક્રમશઃ ૪.૫ અને ૨.૪ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો.

### દુવિધાઓનું દંગલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત અનેક સંસ્થાકીય અને સરકારી સમારંભોના આયોજનનુ મુખ્ય સ્થાન ગણાંતા ટાઉનહોલમાં છેલ્લા ત્રણ વર્ષથી દુવિધાઓનુ સામ્રાજય છે. ટાઉનહોલમાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નામી મુંબઈ સહીત અન્ય રાજયના નામી કલાકારો પરફોર્મ કરે છે. જયારે સરકારી સમાંરંભોમાં પણ મુખ્યમંત્રી સહીત મંત્રીમંડળના સભ્યોની પણ હાજરી હોય છે. આવા સંજોગોમાં ટાઉનહોલના પડદો ઉંચકવા માટે પણ રસ્સી ખેંચ જેવા દ્રશ્યો સર્જાય છે. જયારે ટાઉનહોલનો એક એસી પ્લાન્ટ વર્ષોથી બંધ હાલતમાં છે. જયારે અન્ય બે પેકી એક પ્લાન્ટ પણ બંધ થઈ ગયો હોવાથી શ્રોતાઓ પણ ગરમીથી ગુંગળામણ અનુભવે છે. જયારે ટાઉનહોલના વી આઈ પી ગેટમાં જ લાઈટ નથી. જયારે સ્ટેજની લાઈટો પણ બંધ છે. જેના લીધે કલાકારોએ હાલાકી વેઠવી પડે છે. બેઠક વ્યવસ્થાની લાઈટો પણ બંધ છે. સાંકડી બેઠક વ્યવસ્થામાં બેસવાનુ પણ સિનિયર સિટીઝન્સ માટે કસોટીરૂપ થઈ પડે છે. ટાઉનહોલના રીનોવેશન માટે તંત્ર દ્વારા લાંબા સમયથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.પરંતુ માર્ગ મકાન વિભાગ આ મામલે સતત નિરસતા સેવી રહયુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ટાઉનહોલ મામલે આજે માર્ગ મકાન વિભાગના સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયરે વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે ટુંકમાં જ ટાઉનહોલને મરણપથારીએથી ઉગારવા માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.


## જાહેરાત

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.**

**બ્લોક નં.૧૬, ગ્રાઉન્ડ ફ્લોર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૫૬૪૯૪**

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગરના નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫, વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ના કંપની ધારા અનુસાર દ્વિનોંધી નામા પદ્ધતિથી હિસાબો લખવા તેમજ વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, અને વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબો ઉપર ઈન્ટરનલ (આંતરિક) ઓડિટ કરવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢી પાસેથી સીલબંધ કવરમાં ભાવો ઉપર જણાવેલ સરનામે તા. ૨૧/૪/૨૦૧૬ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. બંને કામગીરી માટે અલગથી ભાવ રજૂ કરવાના રહેશે.

**તારીખ : ૫/૪/૨૦૧૬** — **સહી/-**

**સ્થળ : ગાંધીનગર** — **મેનેજીંગ ડિરેક્ટર**

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.**

**ગાંધીનગર**